SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 47. ખેડબ્રહ્મા તાલુકાના આદિવાસીઓની લોકસંસ્કૃતિ

*પરમાર મુકેશભાઈ બળવંતભાઈ*

**1.પ્રસ્તાવના**

આદિવાસી એટલે આદિકાળથી વસવાટ કરનારા. આદિવાસી એટલે મૂળ નિવાસી. આદિકાળથી, ગાઢ જંગલ કે દુર્ગમ પ્રદેશના આંતરિયાળ વિસ્તારમાં વસવાટ કરતા લોકોને આદિવાસી તરીકે ઓળખવામાં આવે છે. ગુજરાતમાં મોટાભાગની આદિવાસી વસ્તી ધરાવતા 13 જિલ્લાઓ છે. જેમાં ઉત્તરમાં રાજસ્થાન સરહદથી દક્ષિણમાં મહારાષ્ટ્ર સરહદ સુધીના પૂર્વીય જિલ્લાઓનો સમાવેશ થાય છે. અરવલ્લીની ગિરિમાળાઓ વચ્ચે આવેલો સાબરકાંઠા જિલ્લાનો ખેડબ્રહ્મા તાલુકો તેમાંનો એક છે. માનવ વિકાસ અને સંશોધન કેન્દ્ર દ્વારા 2020ના અભ્યાસ મુજબ, ખેડબ્રહ્મા માં 62.73% વસ્તી આદિવાસીઓની છે. જેમાં મુખ્યત્વે ભીલ, ડુંગરી ભીલ અને ગરાસિયા જાતિઓ જોવા મળે છે.

**2.કુળ**

કુળ શબ્દનો ઉપયોગ સામાન્ય રીતે કુટુંબ, વંશ, જાતિ અથવા સમાજના એક વિશિષ્ટ જૂથને દર્શાવવા માટે થાય છે. ખેડબ્રહ્મા તાલુકામાં પરમાર, સોલંકી,ખાંટ,ખૈર,પારઘી,ડામોર, મકવાણા,બુંબડીયા,ડાભી જેવા વિવિધ કુળ ધરાવે છે. દૂર દૂર કે બીજા ગામમાં વસવાટ કરતા લોકોને આ કુળ તેમનામાં ભાઈચારાની ભાવના અને સમૂહમાં બાંધીને રાખે છે. એક જ કુળના લોકો બીજા ગામમાં વસવાટ કરતા હોય તેને "ભાઈપો" તરીકે ઓળખવામાં આવે છે. જ્યારે કોઈ આપત્તિ,સંકટ કે વિકટ પરિસ્થિતિ આવી પડે ત્યારે કુળના લોકો એટલે કે ભાઈપો એક થઈને તે પરિસ્થિતિનો સામનો કરે છે.

**3.રહેણાંક**

ભૌગોલિક પરિસ્થિતિ પ્રમાણે અહીંયા ના લોકો ખાસ કરીને ડુંગરાળ, પહાડી અને જંગલના આંતરિયાળ વિસ્તારમાં વસવાટ કરે છે. ઊંચાણવાળા ટેકરાઓ કે પહાડ પર ઘરનું બાંધકામ કરતા હોય છે. ઘરને "ખોલરુ" તરીકે ઓળખવામાં આવે છે. "ખોલરુ" બનાવવા માટે સિસવ,ટીમરૂ, વાંસ, હોઠી (પારિજાત), ખજુરી જેવા વૃક્ષના લાકડાનો ઉપયોગ કરવામાં આવે છે. મોટાભાગે અહીંયા ઘરની બહાર છાંયડા માટે તેમજ અનાજ કે ઘાસચારો તડકે મૂકવા માટે "ડાઘળો" બનાવવામાં આવે છે. જેનો આકાર શેડ જેવો હોય છે. બકરા,ગાય,બળદ,ભેસ વગેરેને રાખવા માટે વછારુ હોય છે. અને અમુક વિસ્તારમાં તેને "ઓટો" પણ કહે છે.

**4.કુટુંબ અને લગ્ન પ્રથાઓ**

આ વિસ્તારમાં મોટેભાગે પિતૃવંશીય, પિતૃસત્તાક કુટુંબ વ્યવસ્થા જોવા મળે છે. કુટુંબના વડા તરીકે ઘરના વડીલને માનવામાં આવે છે.અહીંની ભીલી ભાષામાં પરિવારના સભ્યોને આગવી રીતે ઓળખવામાં કે બોલાવવામાં આવે છે.જેમ કે પિતાને બા, માતાને આઈ, બહેનને બાયા કે બાઈ, દાદા ને મોટો બા અને દાદીને મોટી આઈ તરીકે બોલાવવામાં આવે છે. અહીં મહિલાઓને ખાસ માન આપવામાં આવે છે. ખેડબ્રહ્માના આદિવાસીઓમાં માતા-પિતા અને વર કન્યા ની સંમતિથી થતા લગ્નને સૌથી વધારે પ્રાધાન્ય આપવામાં આવે છે. માતા પિતાની

સંમતિ ન હોય ત્યારે વર અને કન્યા ગાંધર્વ વિવાહ પણ કરે છે. લગ્ન નક્કી કરવા માટે ઘર જોવું, સગાઈ, પાઘડી બંધાવવી, જમણ જેવા પ્રસંગો કરવામાં આવે છે. લગ્નના પાંચ દિવસ પહેલા ગણેશ સ્થાપના કરવામાં આવે છે, ત્યારથી જ વર અને કન્યાને પીઠી ચોળવામાં આવે છે. આ પાંચ દિવસ રોજ રાત્રે લગ્ન ગીતો ગાવામાં આવે છે.આ ગીતો પુરુષો અને સ્ત્રીઓ ભેગા મળીને ગાતા હોય છે.

**5.જીવન નિર્વાહ**

સામાન્ય રીતે આ વિસ્તારના લોકોનું જીવન નિર્વાહ ખેતી આધારિત છે. તેઓ મુખ્યત્વે ઘઉં, મકાઈ, કપાસ, તુવર અને સોયાબીન જેવા પાકોનું વાવેતર કરે છે. અહીના આદિવાસીઓ પશુપાલન કરે છે,જેમાં બકરા ગાય ભેંસ જેવા પશુઓ પાળી અને દૂધનું વેચાણ કે ડેરીમાં આપે છે. તો કેટલાક લોકો ખેત મજૂરી કરીને પૈસા કમાય છે. ખેત મજૂરી કરવા માટે ઈડર, હિંમતનગર તેમજ બડોલીની આસપાસના વિસ્તારમાં અહીંના લોકો જાય છે.

**6.દેવી-દેવતાઓ**

દેવી દેવતાઓનું પૂજન કરવા માટે મંદિર હોય છે, જેને "દેવરો" કહે છે. આ દેવરામાં ગણેશ, વાઘ અસવારી (ભવાની), પાડા ની અસવારી, કાળા ગોરા ભૈરવ,ઠાકોર બાવસી, ધમરાજા, નાગફૂણી વગેરે દેવી-દેવતાઓની મૂર્તિઓની પૂજા અર્ચના કરવામાં આવે છે. આ દેવી દેવતાઓની મૂર્તિઓ રાજસ્થાનના મેવાડ પ્રદેશમાં નાથદ્વારાની બાજુમાં આવેલા "મેલોળા" (ભોલેલા) ગામમાંથી લાવવામાં આવે છે. આ મૂર્તિઓ લઈને આવતા ગુજરાતમાં પ્રવેશ થાય ત્યારથી આ મૂર્તિઓ "ભોપાઓ" પોતાના માથા પર રાખી ચાલતા પોતાના ગામમાં આવે છે. અને ચાલતા આવતા જો રાત પડી જાય તો તે ગામની "કુહાઈ" (કુવાસી) ને ત્યાં રાત વાસો કરે છે અને બીજા દિવસે પાછા ચાલતા ચાલતા આવે છે. ગામમાં આવે ત્યારે આખું ગામ "હોમેળુ"(સામેળુ) કરે છે. ત્યારબાદ વિધિગત રીતે તે મૂર્તિઓનું દેવરામાં સ્થાપન કરવામાં આવે છે. દેવરામાં દર વર્ષે મહાસુદ પૂનમના "રાતીજગો" કરવામાં આવે છે. અમુક વિસ્તારમાં વૈશાખ સુદ પૂનમના પણ "રાતીજગો" કરે છે. રાતી જગામાં મહાસુદ ચૌદસની રાત્રે દેવી દેવતાના ભજન તેમજ ગીતો ગાવામાં આવે છે.પૂનમના દિવસે ભોપાઓ પૂજા આરતી કરે છે, તેમજ ધૂણે છે. પછી ગામના લોકો દર્શન કરે છે ત્યારબાદ આખું ગામ પ્રસાદી લઈ છૂટું પડે છે.

**7.તહેવારો**

*** હોળી** : ફાગણ મહિનાની શરૂઆત થતા જ આ વિસ્તારમાં હોળીના ઢોલ વાગવાની શરૂઆત થઈ જાય છે. ફાગણસુદ દસમથી લઈ ફાગણવદ પાંચમ સુધી હોળીના તહેવારની ઉજવણી કરવામાં આવે છે. જેમાં પુરુષો ઢોલના તાલે, સ્ત્રીઓ "કાવર" (લેજિમ) ના તાલે તેમજ છોકરીઓ જવારા લઈને નાચે છે. હોળીની રાત્રે નવા પરણેલા યુગલ પોતાના લગ્નના પહેરવેશમાં તૈયાર થઈ અને હોળીના ફેરા ફરે છે. હોળીના બીજા દિવસથી લઈ ફાગણવદ પાંચમ સુધી કોઈ એક દિવસે "ઘેર" કરવામાં આવે છે. આ "ઘેર"મા નાના-મોટા છોકરા છોકરીઓ તમામ સ્ત્રીઓ પુરુષો ઢોલ અને કાવરના તાલે નૃત્ય કરે છે. જેમા ઢમસળીઓ ઢોલ વગાડવામાં આવે છે. અને સાંજે સમૂહ ભોજન લઈ બધા છૂટા પડે છે.

***નોરતા** : અહીંની લોક સંસ્કૃતિની આગવી પરંપરા મુજબ "નોરતું" નાચવામાં આવે છે. આ "નોરતું"આસો સુદ એકમથી નવ દિવસ સુધી નાચવામાં આવે છે. આ નોરતામાં ગામના દરેક ભોપા એકટાણું કરે છે જેને "અખોત" કહે છે. નોરતામાં માતાનું પારણું લઈને ઘરે ઘરે જઈને નાખવામાં આવે છે. આ પારણામાં માતાની ચાંદીની મૂર્તિ તેમજ અખંડ જ્યોત રાખે છે. પારણા સાથે લીલા વાંસ માથી “નેજો” બનાવીને રાખવામાં આવે છે. નોરતામાં 4 પુરુષો સાડી અને ઉપર બ્લાઉઝ પહેરે છે. તેમનો પોશાક અર્ધનારેશ્વર જેવો હોય છે તેમને "રાઈઓ"કહે છે. એક વ્યક્તિ લાકડા કે પ્લાસ્ટિકનું મહોરું પહેરી હાથમાં લાકડાનું ખાંડુ લાકડાની તલવાર ધારણ કરે છે જેને "બુટો" કહે છે. નદીમાં ઉગતો ડાભ નામનો છોડ તેમજ ખાટી ભીંડી ના છોડમાંથી ગૂંથીને "તાડ" (ચાબુક) બનાવે છે. જેનો ઉપયોગ ભોપાઓને પવન આવે કે ધૂણે ત્યારે તેમને

તાડના ફટકા મારવામાં આવે છે. નોરતામાં ઢોલના તાલે રાઈઓ, બુટો, ભોપાઓ બધા "ફોઈ રે ફોઈ" કરી હેલો લઈને નાચે છે. આ નવ દિવસ દરમિયાન "અખોત" નું જમવાનું પુરુષો જ બનાવે અને સાંજે સાથે મળીને એકટાણું કરે છે.આમ નવ દિવસ નોરતું નાચી માતાની આરાધના કરે છે. નોરતા પૂર્ણ થયા પછી "દેહરો" (દશેરા) પર્વની ઉજવણી કરવામાં આવે છે.

**8.માટી કલા**

અહીંની સ્ત્રીઓમાં માટીકલામાં સારી આવડત જોવા મળે છે. ખેતર કે તળાવમાંથી કાળી માટી લાવી તેને ઢોરના લીલાછાણમાં સારી રીતે ગુંદીને પોતાના ઘરમાં લીંપણ કરે છે. જંગલમાંથી "હોઠી"પારિજાત છોડ લાવી તેને વણી અને અનાજ ભરવાનો કોઠો બનાવે છે આ કોઠાને ઢોરના છાણ અને માટીને ગુંદીને તેનું અંદર અને બારથી લીંપણ કરવામાં આવે છે. આ કોઠો તૈયાર થાય ત્યારે એમાં અનાજ ભરે છે. આવી જ રીતે અહીંયા ની સ્ત્રીઓ માટીમાંથી ચૂલા તેમજ હાથથી દળવાની ઘંટીના થાળા પણ બનાવે છે.

**9.પહેરવેશ**

અહીંના પુરુષો ધોતિયું ઝભ્ભો અને પેન્ટ શર્ટ, હાથમાં ચાંદીની લક્કી કે ચાંદીનું કડું પહેરે છે. સ્ત્રીઓ ચણીયો, ઝુલરી(બ્લાઉઝ) તેની સાથે ઓઢણી ઓઢે છે. હાલના સમયમાં હવે મોટાભાગે સાડીનો પહેરવેશ જોવા મળે છે. સ્ત્રીઓમાં પહેરવેશની સાથે સાથે આભૂષણોમાં પણ આગવી વિશેષતા જોવા મળે છે. સ્ત્રીઓ નાકમાં ફૂલરી, કાનમાં ડોન્ના(ડોરણા), ગળામાં હેર(ચેન), હાથમાં કાવળિયો(બંગડીઓ), આંગળીઓથી કડા સુધી "હાથબાજુ", હાથની કોણી અને ખભા વચ્ચે "લોકેટ", કેડમાં કદરોળો(કંદોરો), રમઝોળ,ટૂંગીયુ(ઝૂડો), પગમાં તોરા(છડા), જેવા ચાંદીના આભૂષણો પહેરે છે.

**10.વાજિંત્રો**

અહીંના આદિવાસીઓમાં મુખ્યત્વે ઢોલ, વાજુ(નાની ઢોલકી) ,કુંડી,સાંગ ,તંબુરો, વોહળી,રોળો(વાંસળી), લગા(શરણાઈ), હખ(શંખ), ઝાલર, તાળીઓ(મંજીરા)વગેરે વાજિંત્રો મુખ્ય જોવા મળે છે. સામાજિક ધાર્મિક પ્રસંગોમાં તેમજ તહેવારોમાં આ વાજિંત્રો વગાડવામાં આવે છે.

**સંદર્ભ સૂચિ:**

1. ડો. ભગવાનદાસ પટેલ (2020-21) આદિવાસી સાંસ્કૃતિક વારસો.

2. 1.36 આત્મારામ ભૂખણથી આદિવાસી સમાજ (Feb-2001) ,ગુજરાતી ભાષાનો સર્વ પ્રથમ વિશ્વકોશ.

3. અનિલ બામણીયા(Dec-27-2017) આદિવાસી સમાજ.

4. https://gu.m.wikipedia.org.